

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*મંથરાં-કૈકેયી જેમ મોદીની બુદ્ધિ બગાડી નાખી!*
*કાયદાની બધી પ્રક્રિયાને આગ લગાડી નાખી!*
*ફગાવી નાખી પદ-ગૌરવ-મર્યાદા કોશ્યારીએ -*
*સત્તા-સ્વાર્થે મુખત્યારી સાયરન વગાડી નાખી !*
*(અમિત શાહની શકુનિ ચાલ)*

### હાઈકુ

*બંધાઈ ગયું*
*બંધારણ ખીલે, ને -*
*રંધાઈ ગયું...*

*શું આ બે જણા !*
*સમજ છે સભ્યોને -*
*ઘેટાંનું ધણ ?!*

### ચિંતન

*યદિ સર્વં પરિત્યજ્ય તિષ્ઠસિ ઉત્ક્રાંતવાસનઃ ।*
*અદ્યુનૈવ નિમેષેણ તન્ મુક્તઃ અસિ ન સંશયઃ ॥*

ઉપરોક્ત શ્લોક મુક્તિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જો તમે બધો જ આસક્તિભાવ ત્યાગીને, પૂર્ણ અનાસક્ત થયા હોવ તો, અહીં જ અને હમણાં જ, તમે મુક્ત જ છો, તેમાં શંકા નથી.

જે મુક્ત જ છે તેને માટે મુક્તિને જુદી,સ્પષ્ટપણે, અભિવ્યક્તિ કરવાની જરૂર રહેતી નથી કે હું મુક્ત છું! એ રીતે એના માટે મુક્તિની પણ કોઈ વિશિષ્ટતા રહેતી નથી. એ તો બસ છે જ!

સંસારમાં રહેવા છતાં પણ કોઈ મોહ-માયા-રાગ-દ્વેષ-મમતાના બંધનમાં બંધાયા વિના માત્ર 'કર્તવ્ય'માં રત થઈ જીવે 'તેન ત્યકતેન ભુંજીથા' ભાવે રહે એ આત્મા 'મુક્ત' જ છે.

### સુવિચાર

- યે જિંદગી તમન્નાઓમાં કા ગુલદસ્તા હી તો હૈ, કુછ મહકતી હૈ, કુછ મુરઝાતી હૈ ઔર કુછ ચૂભ જાતી હૈ - **અલી અસગર**
- જેનાં વાણી વર્તન, અને વિનય મનોહર થાય તે લોકપૂજ્ય થાય - **આપ્તસૂત્ર**
- માણસ માણસની સાથે કરુણાનો વહેવાર રાખતો નથી, તે ઈશ્વરને મદદ કરવા તૈયાર છે, પણ માણસને મદદ કરવા તૈયાર નથી - **ભૂપત વડોદરિયા**
- આશાવંત બનીને જીવ્યા વિના છૂટકો નથી. આશાઓનું ફૂલો જેવું છે. મનના છોડ પર અનેક ફૂલો સવારે ખીલે છે અને સાંજે ખરી પડે છે - **રોહિત શાહ**
- શરીર તમારું મિત્ર ન હોત તો તમે જન્મ જ લઈ શક્યા ન હોત - **મનોહર શેઠ**
- જે ભૂલી શકે છે તે જ સાજો માણસ છે, માંદગીને જે રૂમાલની ગાંઠે બાંધી રાખે છે તે સાજો થયા પછી પણ માંદી મનોદશામાં જીવે છે - **પ્રશાંત ગજ્જર**
- આજનું ઔષધ : કૂંવાડિયાના પાન અને લીમડાના પાનનો રસ મેળવીને દાદર પર લગાડવાથી ફાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક રાજસ્થાની યુવાન હતો. તે એક સંતને મળવા ગયો. સંતને કહ્યું, 'મહારાજ, હું હંમેશા કોઈને કોઈ પ્રોબ્લેમથી ઘેરાયેલો રહું છું. કયારેક ધંધાના, કયારેક કુટુંબના, કયારેક સ્વાસ્થ્યનાં તો કયારેક આર્થિક સંકડામણના મને મદદ કરો અને છૂટકારો મેળવવા કોઈ ઉપાય બતાવો.' સંતે કહ્યું, 'ભાઈ, આજે રાત્રે તું મારી પાસે રોકાઈ જા, મારા કાફલામાં સો ઊંટ છે, હું ઈચ્છું છું કે આ ઊંટોનું તું ધ્યાન રાખ. જયારે આ સો એ સો ઊંટ નીચે બેસી જાય ત્યારે તૂં સૂઈ જજે.' બીજે દિવસે સંતે યુવાનને પૂછ્યું, 'રાત્રે ઊંઘ આવીને ?' યુવાને કહ્યં, 'અરે મહારાજ, આખી રાત હું જરા વાર બી સૂઈ શક્યો નહોતો, કારણ કે બધા ઊંટ એક સાથે બેઠા જ નહિ.' સંતે કહ્યું, 'જો હું ખોટો ન હોઉં તો રાત્રે આવું કંઈક બન્યું હશે, ઘણા ઊંટ જાતે જ બેસી ગયા હશે. ઘણા ઊંટ તમારા પ્રયાસ કરવાથી બેસી ગયા હશે, અમુક ઘણી કોશિશ કરવાથી પણ નહીં બેઠા હોય... અને પછી થાકીને અંતે બેઠા હશે...' યુવાને કહ્યું, 'હા.. જી, બસ એવું જ થયું.' સંતે કહ્યું, 'આપણી જિંદગીમાં પ્રોબ્લેમ્સનું પણ કંઈક આવું જ છે. અમુકત તેની જાતે સોલ્વ થઈ જશે, અમુક તારા પ્રયત્નોથી સોલ્વ થઈ શકશે, અમુકમાં તમે ઘણી કોશિશ કરશો છતાં સોલ્વ નહીં જ થાય.... પણ સમય આવ્યે તેની જાતે કોઈ સોલ્યુશન આવી જશે.' આપણી જિંદગીમાં આવું જ કંઈક થઈ રહ્યું છે. એક ને સોલ્વ કરો ત્યાં બીજો આવીને ઊભો રહે, પ્રોબ્લેમ્સ તો આવશે ને જશે, આપણે આગળ વધતા રહીએ.

# શરદ પવારનું ગાડું ઘોંચમાં

### તંત્રીસ્થાનેથી...

પળે પળે બદલાઈ રહેલાં મહારાષ્ટ્રનાં સત્તાસમીકરણોમાં ધારાસભ્યોને ઘેટાંબકરાંની જેમ હોટલો અને રિસોર્ટોમાં પૂરી દેવાયા છે. એ રીતે જોતાં શરદ પવારના નેતૃત્વમાં ચાલી રહેલી કૂટનીતિ ભાજપ-અજિપ પવાર જૂથની સરકાર માટે કઠોર સજારૂપ બની શકે એમ લાગે. ઉદ્ધવ ઠાકરેની મુખ્યમંત્રી બનવાની આશા ફળથી વરતાય; પરંતુ સુપ્રીમ કોર્ટમાં ધારાસભ્યોનાં સોગંદનામાં રજૂ કરી દીધા પછી પણ એક ટેકનિકલ છિદ્ર તો રહી જ જવાનું છે. અજિત પવાર આ ટેકનિકલ હિચને પોતાનું સમર્થન બળ માની ફ્લોર ટેસ્ટમાં ૧૭૦ ધારાસભ્યોના ટેકાની અપેક્ષા સેવી રહ્યા છે. શરદ પવારની અધ્યક્ષતા હેઠળ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વિધાનસભા પક્ષના નેતા તરીકે અજિત પવારની વરણી થઈ હતી. એ અંગેનો પત્ર અને ધારાસભ્યોની સહી સાથેનો પત્ર અજિત પવારે અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાજયપાલને હાથોરાથ સુપરત કરેલો છે. રાજયપાલ ભગતસિંહ કોશિયારી અણિશુદ્ધ ભાજપ નેતા છે એટલે એમણે રાતોરાત કેન્દ્રના ઈશારે થયેલી રાજરમતના પ્યાદા બની આદેશાનુસાર તમામ ટેકનિકલ કાર્યવાહી કરી દઈ વહેલી સવારે દેવેન્દ્ર ફડણવીસને મુખ્યમંત્રી પદે અને અજિત પવારને નાયબ મુખ્યમંત્રી પદે સોગંદ લેવડાવી દીધા હતા. રાજયપાલ વિરુદ્ધ કોઈ જ કાયદાકીય કાર્યવાહી થઈ શકતી ન હોઈ ખુદ સુપ્રીમ કોર્ટ એમના પગલાને વખોડવાથી વધુ કશું કરી શકે એમ નથી. આ સંજોગોમાં પાછું રિલાયંસ જેવાં ઔદ્યોગિક ગૃહો દ્વારા આ ધારાસભ્યોને અઢળક નાણાંની લાલચ તથા સરકારમાં મંત્રી પદની લાલચ જેવા કારસા પણ ચાલતા જ રહ્યા છે. પરિણામે પોતપોતાના આકાઓની આજ્ઞામાં રહેવા હોટેલોમાં પુરાયેલા શિવસેના-એનસીપી-કોંગ્રેસના વિચિત્ર અને પરસ્પર વિરોધી વિચારધારા ધરાવતા અકુદરતી ગઠબંધન સામે બળવો કરતાં ધારાસભ્યોને રોકવાનું શરદ પવાર - સોનિયા ગાંધી અને ઉદ્ધવ ઠાકરે માટે અશક્ય નહીં તો અઘરું તો બની જ રહેવાનું છે. સૌથી મોટું વિઘ્ન 'વ્હિપ' ના નામનું છે. અજિત પવારના નામના પત્ર સાથે રાજયપાલ સમક્ષ રજૂ થયેલ અધિકૃત પત્ર મુજબ હવે એનસીપીના ધારાસભ્યો જો અજિત પવારના વ્હિપનો અનાદર કરશે તો તેઓ ધારાસભ્યપદ ગુમાવી શકે છે. આ સમસ્યાનો ઉકેલ માત્ર સુપ્રીમ કોર્ટ આપી શકે એમ છે. જો સુપ્રીમ કોર્ટ પ્રોટેમ સ્પીકરના વિશેષાધિકાર વિરુદ્ધ રુલિંગ આપે તો જ શરદ પવાર જૂથના ધારાસભ્યોનું ધારાસભ્યપદ અજિત પવારના વ્હિપ વિરુદ્ધ મતદાન કરવા છતાં સલામત રહી શકશે. આ બીકના માર્યા વાડ કૂદીને અજિત પવાર સાથે જનારા ધારાસભ્યોની સંખ્યા કેટલી હશે તેની તો ફ્લોરટેસ્ટ વખતે જ ખબર પડશે. કોકડું બરાબર ગૂંચવાયું છે અને શરદ પવાર જાતે એને ઉકેલવા મથે છે કે કેન્દ્રના ઈશારે એને વધારે ગૂંચવી પોતાના માટે રાષ્ટ્રપતિ પદનું વચન મેળવી લે છે તે સમય જ કહેશે ! ભાજપ હજુ પણ શરદ પવારના સંપર્કમાં છે તે સૂચક બાબત છે.

# જ્ઞાનના દીવડામાંથી શબ્દોનાં અજવાળાં...

### અજવાળું - અજવાળું

તુષાર જોશી



'અંકલ, આ પુસ્તક આપોને... અને હા, MRP છે કે ડીસ્કાઉન્ટ છે ?' એક યુવતીએ સ્ટોલધારકને કહ્યું. જવાબ મળ્યો... ડીસ્કાઉન્ટ પર છે... અને એ દીકરીએ ભદ્રંભદ્ર પુસ્તક ખરીધ્યું...

નજરે જોયેલું દશ્ય સાવ નાનું છે, પણ મજાનું છે. વાત છે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે તાજેતરમાં યોજાયેલા પુસ્તક મેળાની. તારીખ ૧૪ થી ૨૪ નવેમ્બર દરમિયાન યોજાયેલા આ પુસ્તક મેળાનો શુભારંભ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કરાવ્યો હતો. મેયર શ્રીમતી બીજલબેન પટેલ અને મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આઠમા રાષ્ટ્રીય પુસ્તક મેળામાં બહુભાષી પુસ્તકોના સ્ટોલ્સ પર યુવાઓની ભીડ વધુ જોવા મળતી હતી જે આનંદની અનુભૂતિ કરાવનારું દશ્ય હતું.

આવી જ એક યુવતી ઢળતી સાંજે એક બુક સ્ટોલ પર આવી. થોડા પુસ્તકો જોયા. ગુજરાતી સાહિત્યની અમરહાસ્ય રચના ભદ્રંભદ્ર જેના લેખક છે રમણભાઈ નીલકંઠ પસંદ કરી... લેખના આરંભે થયેલો સંવાદ કર્યો...

સાહજિક ભાવે એની સાથે થોડી વાતચીત કરી એટલે તેણીએ કહ્યું કે એ સ્કૂલ સુધીનું શિક્ષણ ગુજરાતી માધ્યમમાં પામી હતી, એ પછી કૉલેજ અંગ્રેજી માધ્યમમાં કર્યું અને પછી સીએ કરી હતી. સ્કૂલમાં આ અને આવા પુસ્તકોના સંદર્ભે આવ્યા તે તમામ સ્મરણ કર્યા અને એમાંથી આજે થોડા પુસ્તકો ખરીદવા એ આવી હતી. એ ગર્વ અને ગૌરવ સાથે કહેતી ગઈ કે 'હું અંગ્રેજી નોવેલ તો વાંચુ જ છું, પરંતુ મને ગુજરાતી પુસ્તકો વાંચવા એટલા જ ગમે છે.'

એક એવી જ બીજી સરસ ઘટના બની, એ પુસ્તક મેળામાં એક એજન્સીના ભાગરૂપે પોતાના કામ એજન્સીના ભાગરૂપે પોતાના કામ માટે એક યુવાન ત્યાં રોજેરોજ આવે, સાહિત્યની-સંગીતની-પુસ્તકોની વાતો સાંભળે... એક દિવસે એ પુસ્તકોના સ્ટોલ ધારકને કહે કે 'મારું વૈવિશાળ હમણાં થયું છે, આજે મારી વાગ્દતા... હા.... એણે કહેલા શબ્દો છે, વાગ્દતા અહીં આવવાની છે... મારે એને બે-ત્રણ પુસ્તકો ભેટ આપવા છે, મને પુસ્તકોની બહુ ખબર નથી, તમે સુચવો અથવા યુવાઓને ગમે, એવા પુસ્તકો શોધી આપો, હું એને અહીં ભેટ આપીશ.'



અને સ્ટોલ ધારકે એ યુવતીના રસ-રુચિ બાબતે પુછીને, એને અનુરુપ પુસ્તકો કાઢી આપ્યા... અલગ રાખ્યા... એ બંને જયારે ફરી સ્ટોલની મુલાકાતે આવ્યા ત્યારે પેલા યુવાને આ પુસ્તકો એની વાગ્દતાને ભેટ આપ્યા... ને સ્ટોલ ધારકે કહ્યું, 'રિવરફ્રંટ પર કયારેક સાથે બેસીને આ પુસ્તકો વાંચજો... અભિનંદન....'

ત્રિવેણી કાર્યક્રમ હેઠળ ઢળતી સાંજથી રાત્રી સુધી યોજાયેલા વિવિધ વિષયો પરના પ્રવચનો - કાવ્ય-સંગીત-વાચિક્મ - લોકસંગીત અને કવિ સંમેલનોના કાર્યક્રમોમાં પણ યુવા વર્ગ રસપૂર્વક કાર્યક્રમોને માણસો હતો જે યુવાઓમાં રહેલી સાહિત્ય રૂચીનું પ્રતિબિંબરૂપ દેખાતું હતું.

સાહિત્ય પ્રીતિ - પુસ્તક વાંચન, એ માણસના પૂર્ણ વ્યક્તિત્વને ઘડે છે. એક અર્થમાં કહીએ તો સુષુપ્ત મનની શક્તિઓને જગાડે છે. લાગણીઓને વહેવાનો માર્ગ મોકળો કરી આપે છે.

પુસ્તકો વાંચવા તરફનો યુવા વર્ગનો અભિગમ ધીમે ધીમે પણ વધતો જાય છે. પુસ્તકો, અહે કોઈ પણ ભાષાના હોય, એ હંમેશા આપણા માટે ઉત્તમ મિત્ર બની રહ્યા છે. માત્ર જ્ઞાન કે માહિતી નથી આપતા પરંતુ આપણા સ્વભાવને પણ ઘડે છે.

આપણી માતૃભાષા ગુજરાતી અને અન્ય ભાષાઓના પુસ્તકો જયારે જયારે વંચાય છે, એના વિશે ચર્ચા થાય, એના ગીતો ગવાય, એમાંથી સંદર્ભો અપાય, પુસ્તકો શુભ અવસરોએ ભેટ અપાય ત્યારે જ્ઞાનના દીવડા પ્રગટે છે અને એમાંથી શબ્દના અજવાળા રેલાય છે.

# જગન્નાથ મંદિર-પુરી : ચાર ધામમાનું એક ધામ

### વિચારયાત્રા

ડો. જય ઓઝા



પુરીનું શ્રી જગન્નાથ મંદિર એક મહત્વપૂર્ણ હિન્દુ મંદિર છે, જે ભગવાન જગન્નાથને સમર્પિત છે, ભગવાન મહા વિષ્ણુનું એક સ્વરૂપ છે, જે ભારતના પૂર્વી કાંઠે ઓડિશા રાજ્યમાં પુરી ખાતે સ્થિત છે. મંદિર એક મહત્વપૂર્ણ યાત્રાધામ છે. હાલના મંદિરનું નિર્માણ ૧૦ મી સદી, અગાઉ પૂર્વીય ગંગ વંશના પ્રથમ રાજા અનંતવર્મન ચોદાગંગ દેવ દ્વારા કરવામાં આવ્યું હતું.

પુરી મંદિર તેની વાર્ષિક રથયાત્રા ઉત્સવ માટે પ્રખ્યાત છે, જેમાં ત્રણ મુખ્ય દેવતાઓ વિશાળ અને વિસ્તૃત રીતે શણગારેલી મૂર્તિ મંદિરના રથ પર ખેંચાય છે. રેવ. ક્લાઉડીયસ બુકનન પ્રથમ બ્રિટીશ અધિકારી હતા કે જેમણે ૧૮૦૦ ના દાયકાની શરૂઆતમાં બ્રિટન અને યુનાઈટેડ સ્ટેટ્સ બંનેમાં ×જગરનોટ× ને લોકપ્રિય બનાવ્યું હતું. બ્યુકેનન એંગ્લિકન મંડળ હતું, જે ભારતમાં સ્થિત હતું અને ભારતમાં ખ્રિસ્તી મિશનનો કટ્ટર સમર્થક હતો. તે સમયગાળા દરમિયાન કોઈ મિશનરી પાસેથી અપેક્ષા રાખવામાં આવી શકે તેમ, બુકનને જગરનોટ વિશે નકારાત્મક દષ્ટિકોણ લીધો.

×હિન્દુ દેવની મૂર્તિ ધરાવતા વિશાળ વેગન× ના અર્થમાં અંગ્રેજી લોનવર્ડ જગર્નોટ છે, જેમાં રથયાત્રા છે, જગન્નાથ, સુભદ્રા અને બલભદ્રની મૂર્તિઓ લઈને રથની વાર્ષિક સરઘસ.

મોટાભાગના હિન્દુ મંદિરોમાં જોવા મળતા પથ્થર અને ધાતુના ચિહ્નોથી વિપરીત, જગન્નાથની છબી લાકડાની બનેલી છે અને વિધિપૂર્વક દર બાર કે ઓગણીસ વર્ષે ચોક્કસ પ્રતિકૃતિ દ્વારા બદલવામાં આવે છે.

આ મંદિર બધા હિન્દુઓ માટે અને ખાસ કરીને વૈષ્ણવ પરંપરાઓમાં પવિત્ર છે. રામાનંદ અને રામાનુજ જેવા ઘણા મહાન સંતો મંદિર સાથે નજીકથી સંકળાયેલા હતા. રામાનુજે મંદિર પાસે ગોવર્ધન મઠની સ્થાપના કરી, જે ચાર શંકરાચાર્યમાંથી એકનું સ્થાન છે. જેના સ્થાપક ચૈતન્ય મહાપ્રભુ દેવ, જગન્નાથ તરફ આકર્ષાયા હતા અને ઘણા વર્ષો પુરીમાં રહ્યા હતા.

આ મંદિર ગંગા વંશના રાજા અનંતવર્મન ચોદાગંગા દ્વારા ૧૨ મી સદી સીઈમાં બનાવવામાં આવ્યું હતું, તેમ તેમ તેમના વંશજ નરસિંહદેવ ૨ ના કોપર-પ્લેટ શિલાલેખ દ્વારા સૂચવવામાં આવ્યું છે. અનંતવર્મન મૂળ શૈવ હતો, અને તેણે ૧૧૧૨ માં ઉત્કલા ક્ષેત્ર (જેમાં મંદિર સ્થિત છે) જીતી લીધા પછી તે વૈષ્ણવ બન્યો હતો. ૧૧૩૪ -૧૧૩૫ આસપાસના શિલાલેખોમાં મંદિરમાં તેમના દાનની નોંધ લેવામાં આવી છે. તેથી, મંદિરનું બાંધકામ ૧૧૧૨ પછી થોડુંક શરૂ થયું હશે. મંદિરના ઈતિહાસની એક કથા અનુસાર, તેની સ્થાપના અનંગભિમા-દેવ દ્વારા કરવામાં આવી હતીઃ જુદા જુદા ઘટનાક્રમોમાં બાંધકામનાં વર્ષોનો ઉલ્લેખ વિવિધ રીતે ૧૧૯૬, ૧૧૯૭, ૧૨૦૫, ૧૨૧૬ અથવા ૧૨૨૬ છે. આ સૂચવે છે કે મંદિરનું બાંધકામ પૂર્ણ થયું હતું અથવા અનંતવર્મનના પુત્ર અનંગાભિમાન શાસન દરમિયાન મંદિરનું નવીનીકરણ કરાયું હતું. ગંગ વંશ અને સૂર્યવંશી (ગજપતિ) રાજવંશ સહિતના અનુગામી રાજાઓના શાસન દરમિયાન મંદિર સંકુલનો વધુ વિકાસ થયો હતો.

દંતકથા અનુસાર, પ્રથમ જગન્નાથ મંદિરનું નિર્માણ ભરત અને સુનંદાના પુત્ર રાજા ઈન્દ્રદ્યુમ્ન અને મહાભારત અને પુરાણોમાં ઉલ્લેખિત માળવા રાજા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્કંદ-પુરાણ, બ્રહ્મા પુરાણ અને અન્ય પુરાણો અને પાછળથી ઓડિયામાં જોવા મળે છે તેમ સુપ્રસિદ્ધ અહેવાલમાં જણાવાયું છે કે ભગવાન જગન્નાથ મૂળમાં ભગવાન નીલા માધબા તરીકે પૂજવામાં આવતા હતા, જેમાં એક સાવર રાજા (આદિજાતિ પ્રમુખ) વિશ્વવસુ નામનો હતો. દેવ વિશે સાંભળીને, રાજા ઈન્દ્રદ્યુમ્નાએ બ્રહ્મ પૂજારી, વિદ્યાપતિને દેવની શોધ માટે મોકલ્યા, જેમની પાસે વિશ્વવાસુ દ્વારા જંગલમાં ગુપ્ત પૂજા કરવામાં આવી હતી. વિદ્યાપતિએ પોતાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો પણ તે સ્થળ શોધી શક્યા નહીં. પરંતુ અંતે તેણે વિશ્વાવસુની પુત્રી લલિતા સાથે લગ્ન કરી લીધા. વિદ્યાપતિ વારંવાર વિનંતી પર, વિશ્વવસુ તેમના જમાઈને બંધ આંખે ગુફામાં લઈ ગયા, જ્યાં ભગવાન નીલા માધાબાની પૂજા કરવામાં આવી હતી. વિદ્યાપતિ ખૂબ હોશિયાર હતા. તેણે રસ્તામાં સરસવના દાણા જમીન પર ફેંકી દીધા. થોડા દિવસ પછી બીજ અંકુરિત થયા, જેના કારણે તે પછીથી ગુફા શોધવા માટે સક્ષમ થઈ. તેમની પાસેથી સાંભળ્યા પછી, રાજા ઈન્દ્રદ્યુમ્ના દેવદેવતાના દર્શન અને પૂજા કરવા માટે તીર્થયાત્રા પર તરત જ ઓડિશા તરફ ગયા. પરંતુ દેવતા ગાયબ થઈ ગયા હતા. રાજા નિરાશ થયા. દેવતા રેતીમાં છુપાયેલા હતા. રાજા દેવીનાં દર્શન કર્યા વિના પાછા ન ફરવાનો નિશ્ચય કરે છે અને નીલા પર્વત પર મરણ સુધી ઉપવાસ કરે છે, પછી આકાશી અવાજે 'તમે તેને જોશો.' ધ્વનિ સાંભળ્યો. તે પછી, રાજાએ વિષ્ણુ માટે ભવ્ય મંદિર બનાવ્યું.

જગન્નાથમંદિર ચાર લાખ વર્ગફૂટમાં ફેલાયેલુ છે અને આ મંદિરની ઊંચાઈ લભગ ૨૧૪ ફૂટ છે. જગન્નાથ મંદિરના શિખર પરનો ધ્વજ હંમેશા હવાની વિપરિત દિશામાં જ રહે છે. મંદિરના શિખર પરથી કોઈ પક્ષી પસાર થતું નથી અને ન તો શિખર પર કોઈ પક્ષી બેસે છે. દિવસના કોઈ પણ સમયમાં મંદિરના શિખરની છાયા તેનો પડછાયો પડતો નથી.

આ મંદિરમાં પંડાઓનો વિશેષ એકાધિકાર છે.અને અહીં તેમનો ભક્તો પર એટલો બધો અત્યાચાર છે, કે આપણે સ્વયં ભગવાન જગન્નાથનાં શરણમાં દર્શન કરવા જવા માટે પણ જુગુપ્સાયુક્ત અને જડસુ પંડાઓના સાત કોઠાને વિંધીને જવું પડે છે. પૈસા પડાવવાની અને આપણી ધાર્મિક ભાવનઓ પર કુઠારાઘાત કરનારાઓ દંભી પંડાઓના ત્રાસથી વ્યાકુળ બનેલા આપણા મન હૃદયને ભગવાન જગન્નાથના દર્શન માત્રથી જ શાતા વળી જાય છે. અને આપણી સઘળી પીડા,આપણી ફરીયાદ બધું જ જાણે અદ્રશ્ય થઈ જાય છે.

મંદિરમાં તેના વિશાળ સંકુલમાં એક અનોખો ભાવસંચાર આપણાં ચિત્તમાં પ્રવેશે છે. મંદિરની બહાર વિશાળ રથયાત્રાનો માર્ગ છે. જે હવે અન્ય વાહનો માટે વર્જિત છે. નિવાસ માટે અઢળક વ્યવસ્થાઓ છે. પાર્કિંગથી મંદિર સુધી જવા માટે મંદિર તરફથી નિઃશુલ્ક બેટરી સંચાલિત વાહનની વ્યવસ્થા છે.

પુરીથી ૩૦ કિ.મી. દૂર અને કોણાર્કથી ૩ કિ.મી. દૂર 'ચંદ્રભાગા બીચ' છે. અગાઉ આ સ્થળ રક્તપીત્તના ઉપચાર માટેનું સ્થળ મનાતુ હતું. કારણકે એક માન્યતા અનુસાર શ્રીકૃષ્ણ પુત્ર સાંબ પોતાના ઉપચાર માટે અહીં સૂર્ય ઉપાસના કરી હતી. કોણાર્કના કાંઠે આવેલા ચંદ્રભાગા બીચ એશિયાના બ્લુ ફ્લેગનું પ્રમાણપત્ર મેળવનારો પ્રથમ છે - પર્યાવરણને અનુકૂળ સ્વચ્છ બીચ પર પ્રવાસીઓ માટે આંતરરાષ્ટ્રીય ધોરણોની સુવિધાઓથી સજ્જ છે.

આ પવિત્ર સ્થળ માનસિક અને શારીરિક રીતે આપણને સ્વસ્થ કરી દે છે, આપણા ચાર ધામ તરીકે પ્રખ્યાત એવુ આ અનુપમ ધામ પ્રાકતિક દષ્ટિએ તથા આધ્યાત્મિક દષ્ટિએ અજોડ છે.

jayuoza@gmail.com
Mo.9898046488

# જે ખુદાર છે એ ક્યારેય ભવિષ્યવાણી ઉપર વિશ્વાસ નથી કરતો

### આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com



**નજર મેં ખ્વાબો કી**
**બિજલીયાં લે કર ચલ રહે હો**
**તો જીંદા હો તુમ**
**જો અપની આંખો મેં હૈ**
**હૈરાનિયાં લે કર ચલ રહે હો**
**તો જીંદા હો તુમ**

**- જાવેદ અખતર**

અમદાવાદના લૉ ગાર્ડન પાસે બે મિત્રો પાણી પુરી ખાઈ રહ્યાં હતાં. ત્યાં એક બાર-પંદર વર્ષનો છોકરો આ બે મિત્રો પાસે આવીને ઉભો રહ્યો. એના થેલામાં રમકડા હતાં. એ છોકરો આ રમકડા વેચવા માટે આવ્યો હતો. આ બન્ને મિત્રોને રમકડા લેવા માટે છોકરાએ કહ્યું. છોકરાની પરિસ્થિતિ જોતા બન્ને મિત્રો સમજી ગયા કે, છોકરો ખુબ જ ભુખ્યો છે.

એક મિત્રએ કહ્યું, 'બેટા રમકડું તો નથી જોઈતુ પણ તું પાણી પુરી ખાઈ લે. તને ભુખ લાગી હોય એવું લાગે છે. ' પેલા બાળકે જવાબ આપ્યો, ' સાહેબ, હું ભિખારી નથી. રમકડું વેચીને પૈસા લઈશ. ' પેલા મિત્રએ પુછ્યું, ' કેટલાનુ એક રમકડું છે. ' બાળકે કહ્યું, ' કોઈ પણ રમકડું લો, પચાસ રૂપિયા ' પેલા મિત્રએ તરત જ બે રમકડાં લઈ લીધા અને ૧૦૦ રૂપિયા બાળકને આપ્યા. પછી કહ્યું, ' હવે તો તું અમારી સાથે પાણી પુરી ખા. તું અમારો મિત્ર થઈ ગયો છે.' બાળકે કહ્યું, ' હા, પણ મારા પૈસા હું જ આપીશ.'

પાણીપુરી ખાતા ખાતા બાળકને આ મિત્રએ પુછ્યું, ' અમે જ્યારે તને પહેલાં ખાવા માટે કહ્યું ત્યારે તે કેમ ન ખાધું ?' ત્યારે બાળકે ખુબ સરસ જવાબ આપ્યો, ' સાહેબ, એકવાર ખેરાતમાં ખાવાની આદત પડી જાય પછી એ જીવનભર નથી છુટતી. ખેરાતના મિષ્ટાન કરતાં ખુદ્દારીની રોટી વધુ પ્યારી લાગે છે.' નાના બાળકની વાત આ મિત્રને એટલી અસર કરી ગઈ કે, એણે બાળકે આપેલા પેલા રમકડા એના બેડરૂમમાં પ્રોમિનંટ જગા ઉપર લટકાવીને રાખ્યા જેથી રોજ એ જુએ અને પેલા બાળકની ખુદ્દારીની કહાની હમેશા તાજી રહે.

માણસના જીવનમાં સતત-નિરંતર એક યુદ્ધ ચાલતું રહે છે. આ યુદ્ધ પોતાના વિચારો અને ખુદ્દારીના ખોંખારા સાથેનું હોય છે. જેની પાસે પોતાની જાતની ખુદ્દારીને સમજવાની શક્તિ છે એ આ યુદ્ધ આસાનીથી જીતી જાય છે. માણસની પોતાની પાસે જે છે, એ શ્રેષ્ઠ છે એટલી ખુદ્દારીપૂર્વકની સમજ એના જીવનનું ઉત્તમ પાસું છે. જ્યારે વ્યક્તિ માનસિક રીતે નક્કી કરી લે છે કે, એની હિંમત અને મહેનતની ખુદ્દારી છે એટલે એને કોઈ વાતની ખોટ નથી ત્યારે આખી શ્રૃષ્ટિ એ વ્યક્તિની બાહોમાં આવી જતી હોય છે.

થોડા સમય પહેલાં સચિવાલયના મીના બજારમાં પાંચ-સાત અધિકારીઓ તેમના રૂટીન શિડ્યુલ પ્રમાણે ચા પીવા બેઠા હતા. સામાન્ય રીતે આ અધિકારીઓ મીના બજારમાં ખુલ્લા વાતાવરણમાં સરકારી કામના વિવિધ પાસાઓની ચર્ચા સમીક્ષા કરતાં. પરંતુ એ દિવસે અચાનક એક લાંબો, પાતળી કાઠીનો આધેડ જેવો લાગતો વ્યક્તિ હાથમાં થેલી લઈ આ અધિકારીઓના વૃંદ પાસે પહોંચી ગયો. એણે કહ્યું, 'સાહેબ બુટ પોલીસ કરાવવી છે?'

અધિકારીઓ પૈકી એક જણે આ વ્યક્તિની સામું જોયુ અને પૂછ્યું, 'પોલીસ તો નથી કરાવવી પણ તમારે ચા-નાસ્તો કરવો હોય તો કરી લો.'

પેલા વ્યક્તિએ કહ્યું, 'ના, મને એવો ચા-નાસ્તો ન ખપે.' પેલા અધિકારીએ તરત તેના પોલીસ કરેલા બુટ કાઢી ફરી પોલીસ કરવા આપ્યા. બીજા અધિકારી મિત્રોએ પણ એમના બુટ પોલીસ કરવા આપ્યા. વાતમાંથી વાત નીકળતા આ વ્યક્તિએ કહ્યું કે, એ મહેસાણાથી ગાંધીનગર આવે છે. એની ઉંમર ૭૦ વર્ષની છે. એને મહેનત કરીને જ ખાવાનું ગમે છે એટલે ક્યારેય મફત કોઈની પણ ખેરાત એ નથી લેતા.

આ અધિકારીઓ મનોમન આધેડની વાત ઉપર આફરીન પોકારી ગયા. પ્રકૃતિ ક્યારેય કોઈ બાબતમાં ઉતાવળ કરતી નથી. દરેક વસ્તુ તેના નિયત સમયે સરસ રીતે પૂર્ણ થઈ જતી હોય છે. સવારે સૂર્યના તાજા કિરણનો સ્પર્શ થતાં રાતભર ભીડાઈને રહેલી પુષ્પની પાંદડીઓ નિયત સમયે જ ખુલી જતી હોય છે. ચાઈનીઝ ચિંતક લાઓ-ત્સે કહે છે કે, દરેક મોટા અને મહાન કાર્યોની શરૂઆત નાના નાના કાર્યોથી જ થતી હોય છે. ખુદારી સાથે સ્વયં ઉપર વિશ્વાસનું સંગીત બ્રહ્માંડનું સૌથી કર્ણપ્રિય સંગીત છે. બીજાના વિચારોને સમજવા અને બીજાને જાણવા એ જ્ઞાન છે પરંતુ સ્વયંને જાણી એ મુજબ કાર્ય કરવું એ સૌથી મોટું આત્મજ્ઞાન છે.

વિચારવિહીન અને નિરર્થક અંધકારભર્યા લાંબા જીવન કરતાં અર્થસભર સમજદારી સાથેનું ખુદ્દારીપૂર્વક જીવાયેલું ટૂંકુ જીવન વધુ આનંદ આપે છે. સાચા દ્રષ્ટિકોણથી આગળ વધનારા માટે પોતે નક્કી કરેલી સીમાઓના બંધનો આપોઆપ દૂર થઈ જતા હોય છે. પરિશ્રમપૂર્વક જોખમ ઊઠાવી ખુદ્દારીથી મહેનત કરનારાને સાહસનો અદભુત આનંદ મળે છે. જે કોશિષ કરે છે એની માટે કશું અસંભવ છે જ નહીં.

જેની પાસે ખુદ્દારી છે અને મહેનત કરવાની તૈયારી છે, એ ક્યારેય ભવિષ્યવાણી નથી કરતા. જે ભવિષ્યવાણીમાં વિશ્વાસ રાખે છે એની પાસે વાસ્તવિક મહેનતની ખુદ્દારી નથી હોતી. એની પાસે કોઈ નિશ્ચિત પરિણામ પણ નથી હોતુ. સામાન્ય રીતે બીજા ઉપર કાબુ મેળવવા માટે દુનિયા આખી મથામણ કરતી હોય છે. બીજા ઉપર કાબુ મેળવવો એ તાકાત છે પણ પોતાના ઉપર કાબુ મેળવી આગળ વધનારા સાચા શક્તિશાળી છે. વ્યક્તિ જ્યારે પોતાની ખુદ્દારી સાથે મહેનત કરતો હોય છે ત્યારે એની કોઈની સાથે સ્પર્ધા નથી હોતી. તે પોતાની જાતથી સંતુષ્ટ થઈ જતો હોય છે.

**ધબકાર :**
**દુશ્મનની ખુદ્દારીને નવાજવી જોઇએ, માથું કોઇનું પણ હોય એ કદમોમાં સારુ ન જ લાગે**